

## Cadaver Organ Donor

# Lt. Jignesh Navnitbhai Bhanabhagvanwala

## He Donated: Kidneys & Eyes

## Date:- 20/06/2018

DONATE LIFE™
an initiative for organ donation

# Weaving unit worker's organs give new life to 4

Times News Network

**Surat:** Four persons got a new lease of life when family members of Jignesh Bhanabhagwanwala decided to donate his organs after his death.

Jignesh (41) from Kshatriya community, worked as a looms master in a weaving unit located at Anjana. He lived on Bamroli road in Surat.

He fell unconscious on June 16 while on duty. He was initially treated at a nearby hospital, but was later shifted to a private hospital, where he was diagnosed with deposition of blood clot in his brains. He was operated upon, but he died on the operation table on June 19. When his family, which include his wife Kamini (40), daughter Quincy (14) and son Shiv (12), were given the option of organ donation, they readily agreed.

A team of doctors from Ahmedabad's Institute of Kidney Diseases and Research Centre (IKDRC) was asked to transplant Jignesh's kidneys, while his two eyes were donated Lok Drashti Chakshu Bank.

One of Jignesh's kidneys was given to 34-year-old Shikha Agarwal of Surat and other to Sanket Bhavsar of Ahmedabad.

Donate life, a Surat-based non-governmental organization, felicitated the entire process.

# બ્રેઈનડેડ ક્ષત્રિય સમાજના યુવાનના અંગદાનથી ચાર વ્યક્તિને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત,બુધવાર

સુરતના ક્ષત્રીય સમાજના બ્રેઈનડેડ યુવાનના અંગોના દાનથી ચાર વ્યક્તિઓને નવજીવન અને રોશની મળી છે. છેલ્લા ૧૭ દિવસમાં સુરત શહેરમાંથી બ્રેઈનડેડ વ્યક્તિના અંગદાનનો આ આઠમો કિસ્સો છે.

## ૪૧ વર્ષીય જીજ્ઞેશના મગજની નસો ફાટી ગઈ હતી: ૧૭ દિવસમાં ૮ બ્રેઈનડેડ વ્યક્તિના અંગદાન

બમરોલી રોડ પર સર્વોદય અપાર્ટમેન્ટમાં રહેતા અને વિવિંગ ફેક્ટરીમાં લુમ્સ માસ્ટર તરીકે કામ કરતા ૪૧ વર્ષીય જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાળાને તા.૧૬ જુને સાંજે અચાનક પરસેવો થયો અને ઉલટીઓ થયા બાદ બેભાન થઈ ગયા હતા. નજીકની ખાનગી હોસ્પિટલ બાદ તેમને સુરતની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સી.ટી. સ્કેનમાં તેમના મગજની નસો ફાટી જવાથી લોહીનો ગઠ્ઠો જામી ગયાનું નિદાન થયું હતું. તા.૧૭મી અઠવાગેટની હોસ્પિટલમાં લોહીનો ગઠ્ઠો સર્જરી કરી દૂર કરાયો હતો. પણ તા.૧૯મીએ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

આ અંગે ડોનેટ લાઈફ સંસ્થાને જાણ કરતા જીજ્ઞેશભાઈના પત્ની કામિનીબેન સહિત ભાઈઓ શૈલેષ, પરમેશ, હિતેશ અને પરિવારજનોને મળી અંગદાન અંગે સમજ આપતા તેઓ તે માટે સંમત થયા હતા. તેમની એક ૧૪ વર્ષીય પુત્રી ક્વીન્સી અને ૧૨ વર્ષીય પુત્ર શીવ સ્કુલમાં ભણે છે.

દાનમાં મળેલી એક કિડની સુરતની શીખા મુકેશ અગ્રવાલ (ઉ.વ.૩૪)ને અને બીજી કિડની અમદાવાદના સંકેત નવનીતભાઈ ભાવસાર (ઉ.વ.૨૧)ને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ છે. ચક્ષુનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકે સ્વીકાર્યું છે. ૧૭ દિવસમાં સુરતમાંથી ૮ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગદાનથી ૩૩ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

# क्षत्रिय परिवार ने ब्रेनडेड युवक की किडनी और चक्षुओं का दान कर चार लोगों को दिया नया जीवन

## डोनेट लाईफ द्वारा 17 दिनो में 8 ब्रेनडेड व्यक्तियो का अंगदान कर 33 लोगों को दी नयी जिंदगी



**लोकतेज संवाददाता**

सूरत। ओर्गन डोनर अंगदान शहर की नयी ख्याती प्राप्त कर चुका सूरत शहर में ब्रेनडेड व्यक्तियों के अंगदान के प्रमाण में लगातार वृध्दि हो रही है। शहर का क्षत्रिय भाणा भगवानवाला परिवार के ब्रेनडेड युवक जिज्ञेश की किडनी और चक्षुओं के दान से चार लोगों को नया जीवन मिला है।

बमरोली सर्वोदय एपार्टमेन्ट के निवासी और आंजणा में विविंग फैक्टरी में लुम्स मास्टर के तौर पर काम करनेवाले जिज्ञेशभाई भाणा भगवानवाला उम्र 41 पत्नी कामिनिबेन तथा कक्षा 7 में पढ़नेवाले पुत्र शिव और कक्षा 12 में पढ़नेवाली पुत्री क्वीन्सी के साथ सुखी जीवन जी रहे थे। गत 16 जून को जिज्ञेशभाई को अचानक पसीना छूटने के साथ वोमिटिंग हुई और बेहोश हो गए। उन्हें परिवार के सदस्य तत्काल गिरीश ग्रुप होस्पिटल में ले गए। सिटी स्केन करने पर पता चला की मगज की नस फट जाने से खून का गठ्ठा जमा होने का पता चला। तत्काल उन्हे महावीर अस्पताल के न्युरोसर्जन आशित देसाई ने क्रेन्योटोमी करने के बाद ब्रेनडेड घोषित किया।

अस्पताल के चिकित्सकों ने परिवार के सदस्य एवं डोनेट लाईफ संस्था को ब्रेनडेड जिज्ञेशभाई की जानकारी दी। डोनेट लाईफ के निलेश मांडलेवाला ने परिवार के सदस्यों को ब्रेनडेड की जानकारी देते हुए अंगदान का महत्व समझाया। परिवार की संम्मती से ब्रेनडेड जिज्ञेश की किडनी और चक्षुओं का अंगदान हुआ। डोनेट लाईफ संस्था के निलेश मांडलेवाला ने कहा कि जिज्ञेन की दान में मिली किडनी सूरत की शिखा मुकेश अग्रवाल उम्र 34 और दुसरी किडनी अहमदाबाद के 21 वर्षिय संकेत नवनीत भावसार में ट्रान्सप्लान्ट की गयी।

सूरत और दक्षिण गुजरात से अब तक ब्रेनडेड व्यक्तियों के परिजनो को जानकारी देकर निलेश मांडलेवाला ने डोनेट लाईफ संस्था के द्वारा 264 किडनी, 107 लीवर, 6 पेन्क्रीयास, 17 ह्रदय, 224 चक्षुओं का दान प्राप्त कर 615 लोगों को नयी जिंदगी और रोशनी प्रदान की है।

# સુરતી ક્ષત્રિય સમાજના બ્રેઈનડેડ યુવાનના અંગદાનથી ચાર વ્યકિતને નવજીવન મળ્યું

## સુરતમાં ૧૭ દિવસમાં ૮ બ્રેઈન ડેડ વ્યક્તિઓના અંગોનું દાન ડોનેટ લાઈફ દ્વારા કરાવીને ૩૩ વ્યક્તિઓને નવજીવન આપવાની ગુજરાતમાં સૌ પ્રથમ ઘટના

સુરત, તા.૨૦

સુરતી ક્ષત્રીય સમાજના જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાનવાળાના પરિવારે કિડની અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી હતી. ઓર્ગન ડોનર શહેર સુરતમાંથી ૧૭ દિવસમાં ૮ બ્રેઈન ડેડ વ્યક્તિઓના અંગોનું દાન ડોનેટ લાઈફ દ્વારા કરાવીને ૩૩ વ્યક્તિઓને નવજીવન આપવાની ગુજરાતમાં સૌ પ્રથમ ઘટના નોંધાઈ છે.

આંજણામાં આવેલ વિવિંગ ફેકટરીમાં લૂમ્સ માસ્ટર તરીકે કાર્ય કરતાં અને ૨૦૩, સર્વોદય એપાર્ટમેન્ટ, પ્રમુખ ફરસાણની પાછળ, બમરોલી રોડ ખાતે રહેતા જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાનવાળા (ઉ. વ.૪૧) શનિવાર તા. ૧૬ના રોજ જીજ્ઞેશને સાંજે ઉલ્ટીઓ થયા બાદ બેભાન થઈ જતાં પરિવારજનોએ તેને તાત્કાલિક નજદીકમાં આવેલ ખાનગી હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ગીરીશ ગ્રૂપ ઓફ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા, જ્યાં સિટી સ્કેન કરાવતા મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. આથી તેઓને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં ક્રેન્યોતોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. મંગળવાર તા. ૧૯મીએ જિજ્ઞેશને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.




શહેરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મહેશ જગાશેઠે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જિજ્ઞેશના બ્રેનડેડ અંગેની જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમ હોસ્પિટલ પહોંચી જિજ્ઞેશની પત્ની કામીની, ભાઈઓ શૈલેષ, પરમેશ, હિતેશ, સાળા હિરેન જરીવાલા અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા. પરિવારજનોએ અંગદાનની સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતની શીખા મુકેશ અગ્રવાલ (ઉ.વ. ૩૪), જયારે બીજી કિડની અમદાવાદના સંકેત નવનીતભાઈ ભાવસાર (ઉ.વ. ૨૧)માં અમદાવાદ ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યકિતઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૬૪ કિડની, ૧૦૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૪ ચક્ષુઓના દાન મેળવીને ૬૧૫ વ્યકિતઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# બમરોલીના ક્ષત્રિય પરિવારે કિડની અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપ્યુ

સુરત, તા.૨૦

ઓર્ગન ડોનર-અંગદાન શહેર તરીકે ખ્યાતનામ બની રહેલા સુરત શહેરમાં બ્રેનડેડ વ્યક્તિઓના અંગદાનનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. આવી જ એક ઘટના સુરતના ક્ષત્રિય ભાણા ભગવાનવાળા પરિવારમાં બની છે. પરિવારના બ્રેનડેડ સ્વજન જિજ્ઞેશભાઈના કિડની અને ચક્ષુઓના દાન થકી ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યું છે. બમરોલીના સર્વોદય એપાર્ટ.માં રહેતા અને આંજણાની વિવિંગ ફેક્ટરીમાં લુમ્સ માસ્ટર તરીકે કામ કરતાં જિજ્ઞેશ ભાણા ભગવાનવાળા (ઉ. વ.૪૧) પત્ની કામિનીબેન તેમજ ધો.૭ માં અભ્યાસ કરતાં ૧૨ વર્ષીય પુત્ર શિવ અને ધો.૧૦ માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય પુત્રી ક્વીન્સી સાથે જીવન જીવતા હતા.



ગત ૧૬ જુનના રોજ જિજ્ઞેશ ભગવાનવાળાને સાંજે એકાએક પરસેવો અને ઉલ્ટીઓ થયા બાદ બેભાન થઈ જતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલ અને વધુ સારવાર માટે ગિરીશ ગ્રુપ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. સિટી સ્કેન કરાવતાં મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. જેથી સઘન સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ.આશિત દેસાઈએ ક્રેન્યોટોમી કર્યા બાદ બ્રેનડેડ જાહેર કર્યા.

ડોનેટ લાઈફે પરિવારને અંગદાનની જાણકારી આપતા પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીઝીસ રિસર્ચ સેન્ટરનો સંપર્ક કરી કિડની દાન કરી હતી.

જયારે જિજ્ઞેશભાઈના ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું. દાનમાં મળેલી એક કિડની સુરતની શિખા મુકેશ અગ્રવાલ (ઉ.વ. ૩૪), જયારે બીજી કિડની અમદાવાદના સંકેત નવનીત ભાવસાર (ઉ.વ. ૨૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. આમ,ભાણા ભગવાનવાળા પરિવારે બ્રેનડેડ સ્વજનનું અંગદાન કરી માનવતા મહેકાવવાની સાથોસાથ અન્ય લોકોને પ્રેરણા આપી છે.

## ભાણા ભગવાનવાળા પરિવારે બ્રેનડેડ સ્વજનનું અંગદાન કરી માનવતા મહેકાવી: ડોનેટ લાઈફ દ્વારા ૧૭ દિવસમાં ૮ બ્રેનડેડ વ્યક્તિઓનાં અંગદાન દ્વારા ૩૩ વ્યક્તિઓને નવજીવન આપવાની વિરલ ઘટના

# સુરતના વધુ એક યુવાનનું અંગદાન કરાવી અન્ય ચાર લોકોને નવજીવન અપાયું

## લૂમ્સ માસ્ટર મગજની નસ ફાટી જતા બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા



સુરત : ગત રવિવારે સાંજે ઘરમાં અચાનક જ લૂમ્સ માસ્ટરને પરસેવો અને ઉલ્ટીઓ થયા બાદ મગજની નસો ફાટી જતા ચાર દિવસની સારવાર બાદ બ્રેનડેડ જાહેર કરાતા તેના પરિવારના સભ્યો દ્વારા તેઓના અંગોનું દાન કરવામાં આવ્યું હતું.

બમરોલી રોડ સર્વોદય એપાર્ટમેન્ટમાં રહેતા ૪૧ વર્ષિય જીજ્ઞેશ નવનીતભાઈ ભાણાભગવાનવાળા હાલ આંજણામાં આવેલા લૂમ્સ ફેકટરીમાં લૂમ્સ માસ્ટર તરીકે સંકળાયેલા હતા. તેઓ ગત રવિવારે સાંજે પોતાના ઘરે હતા ત્યારે જ તેઓને એકાએક પરસેવો અને ઉલ્ટીઓ થયા બાદ બેભાન થઈ ગયા હતા. પરિવારના સભ્યો દ્વારા તાત્કાલિક જ નજીકની ખાનગી હોસ્પિટમાં સારવાર કરાવ્યા બાદ વધુ સારવાર અર્થે સગરામપુરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સિટી સ્કેન કરાવાતા મગજમાં લોહિની નસો ફાટી જવાથી લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું બહાર આવ્યું હતું. જેથી તબીબોએ ઓપરેશન કરી લોહિનો ગઠ્ઠો દૂર કર્યો હતો. બાદમાં તેઓને સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. પરંતુ ગત મંગળવારે તબીબોએ જીજ્ઞેશને બ્રેનડેડ જાહેર કર્યા હતા. આ અંગે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ કરાતા તેઓ પણ પોતાની ટીમ સાથે ખાનગી હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. જ્યાં પરિવારના સભ્યોને જાણ કરાતા પરિવાર પણ અંગદાન માટે સંમત થઈ ગયું હતું.

આ અંગે આઈકેડીઆરસીના તબીબોને જાણ કરતા તેઓએ જીજ્ઞેશની બે કિડની દાનમાં લીધી હતી. જ્યારે તેના બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના તબીબ ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

જીજ્ઞેશની દાનમાં લેવાયેલી બે કિડની પૈકીની એક કિડની સુરતની ૩૪ વર્ષિય મહિલા શીખા મુકેશ અગ્રવાલ અને બીજી કિડની અમદાવાદના રહેવાસી સંકેત નવનીતભાઈ ભાવસારમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 20th Jun 2018**

**264**
**KIDNEYS**

**107**
**LIVERS**

**6**
**PANCREAS**

**17**
**HEARTS**

**224**
**CORNEA**

**Which has given new lease of life & vision to 615 persons across the country & globe**